# બી.એડ્. કોલેજોના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના મૂલ્યોનો અભ્યાસ

ડો.પરેશ એમ. વણકર
મહિલા કોલેજ,ઊંઝા

## ૧. પ્રસ્તાવના

આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન અને પરંપરાગત રીતે શાશ્વત મૂલ્યો જોવા મળે છે. જેવા કે સત્ય, અહિંસા, સદાચાર, સાધના, પ્રેમ, શાંતિ, સહિષ્ણુતા, સહાનુભૂતિ, માનવતા વગેરે વ્યકિત સમષ્ટિ અને સૃષ્ટિ અંગેના જીજીવન વ્યવહારમાંથી મૂલ્યો ઊભા થાય છે એ મૂલ્યોની પ્રતિ સ્થાપના સમાજમાં થતી રહે છે. દુનિયાના બધા જ દેશો પાસે પોતાની આગવી સાંસ્કૃતિક ભાત રહેલી છે જે મૂલ્યો રૂપે પ્રગટ થાય છે.

હાલ આપણને પ્રશ્ન થાય છે કે આજની સાચી કેળવણી છે કયાં ? પુસ્તકમાં છે કે પાઠયક્રમમાં કે શિક્ષકના વિચારોમાં? વર્તમાન વર્ગમાં કે વ્યવહારમાં ? આનો જવાબ કયાંય મળતો નથી કારણ કે કેળવણીમાંથી મૂલ્યોનો હ્રાસ થઈ રહયો છે. બીજો પ્રશ્ન થાય છે કે હાલના શિક્ષણની નીપજ શું ? આ બધા પ્રશ્નો નિરાશા જન્માવનારા છે. મૂલ્યો એ સાર્વત્રિક સ્વીકૃતિ ધરાવે છે. ભારતીય ચિંતન તો મૂલ્યની પીઠિકા ઉપર જ સ્થિર થયું છે. કારણ કે નૈતિક અનુશાસન એ ભારતીય શિક્ષણ વિચારનો પ્રાણ છે.

શિક્ષણ દ્વારા જો મૂલ્યોની સમાજને જરૂર છે તેવા મૂલ્યો પૂરા પાડવામાં આવે છે. જે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક, વ્યવસાયિક, સાંસ્કૃતિક, નૈતિક મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. અને તે ભાવિ શિક્ષક બનનાર શિક્ષક પ્રશિક્ષણાર્થીઓમાં કેટલા પ્રમાણમાં મૂલ્યો રહેલા છે તે જાણવાના હેતુથી પ્રસ્તુત અભ્યાસનો વિષય પસંદ કરેલ છે.

## ૨. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.
૧. બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના મૂલ્યોનો જાતીયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૨. બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના મૂલ્યોનો લાયકાતના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૩. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | કક્ષા | કક્ષાના પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | જાતીયતા | સ્વતંત્ર ચલ | ૨ | પુરૂષ<br>સ્ત્રી |
| ૨ | લાયકાત | સ્વતંત્ર ચલ | ૨ | સ્નાતક<br>અનુસ્નાતક |

## ૪. અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ આ પ્રમાણે છે.
૧. પ્રસ્તુત અભ્યાસ બનાસકાંઠા જિલ્લાની બી.એડ્. કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–'૧૩ દરમિયાન અધ્યયન વિદ્યાર્થીઓને પૂરતું મર્યાદિત છે.
૨. પ્રસ્તુત અભ્યાસ મૂલ્ય માપદંડના નીચેના પરિણામો પૂરતુ મર્યાદિત છે.

(૧) સત્તામૂલ્ય (૨) ધાર્મિકમૂલ્ય

૩. પ્રસ્તુત અભ્યાસ પસંદ કરેલા નમૂના દ્વારા આપવામાં આવેલ પ્રતિચારો પૂરતું મર્યાદિત રાખવામાં આવશે.

૪. પ્રસ્તુત અભ્યાસ માટે ડૉ. મનસુખભાઈ નંદાણી દ્વારા પ્રમાણિત થયેલ મૂલ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૫. સંશોધન ક્ષેત્ર, પ્રકાર અને પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણનો અભ્યાસ કરવાનો હોવાથી સંશોધન ક્ષેત્ર શૈક્ષણિક તત્વજ્ઞાન છે. સંશોધનમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે અને તેને જે તે ક્ષેત્રમાં ઉપસ્થિત થયેલ સમસ્યાના વ્યવસ્થિત, વસ્તુલક્ષી તપાસ કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન વ્યવહારિક અને સંખ્યાત્મક પ્રકારનું છે. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૬. વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાની ૩ બી.એડ્. કોલેજો લેવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા બનાસકાંઠા જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ–પ્રશિક્ષણાર્થીઓની કુલ સંખ્યા ૩૦૦ લેવામાં આવી હતી. નિદર્શમાં સમાવિષ્ટ કોલેજોની યાદી નીચે પ્રમાણે છે.

૧. માતુશ્રી એસ.એસ.ગોવિંદા. બી.એડ્. કોલેજ પાલનપુર.

૨. શ્રી સ્વામીનારાયણ બી.એડ્.કોલેજ.પાલનપુર.

૩. શ્રી ડી.ડી.ચોકસી. બી.એડ્. કોલેજ પાલનપુર.

## ૭. સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે મનસુખભાઈ નંદાણી દ્વારા પ્રમાણિત કરેલ મૂલ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૮.અભ્યાસની ઉત્કલ્પનાઓની ચકાસણી

| ક્રમ | ઉત્કલ્પના | t ગુણોત્તર | સાર્થકતાની કક્ષા | સ્વીકાર અસ્વીકાર |
|---|---|---|---|---|
| ૧ | બી.એડ્. કોલેજોના સ્ત્રી શિક્ષક પ્રશિક્ષણાર્થી અને પુરૂષ શિક્ષક પ્રશિક્ષણાર્થીના મૂલ્યમાપદંડના સત્તા મૂલ્ય પરિમાણની સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૦.૬૧૬ | ૦.૦૫ | સ્વીકાર |
| ૨ | બી.એડ્. કોલેજોના સ્ત્રી શિક્ષક પ્રશિક્ષણાર્થી અને પુરૂષ શિક્ષક પ્રશિક્ષણાર્થીના મૂલ્યમાપદંડના ધાર્મિક મૂલ્ય પરિમાણની સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૨.૩૦૬ | ૦.૦૫ | અસ્વીકાર |
| ૩ | બી.એડ્. કોલેજોના સ્નાતક અને અનુસ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થી મૂલ્યમાપદંડના સત્તામૂલ્ય પરિમાણની સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૧.૮૨૪ | ૦.૦૫ | સ્વીકાર |
| ૪ | બી.એડ્. કોલેજોના સ્નાતક અને અનુસ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થી મૂલ્યમાપદંડના ધાર્મિક મૂલ્ય પરિમાણની સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૦.૮૬૦ | ૦.૦૫ | સ્વીકાર |

## ૯. સંશોધનનાં તારણો

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો સંબંધિત મળેલા તારણો વચ્ચે રહેલી સામ્યતા સ્પષ્ટ થાય તે હેતુથી અત્રે તારણોની ચર્ચા કરવામાં આવી હતી.

૧. સ્ત્રીઓ અને પુરૂષોની સરાસરી સમાન હોવાથી સત્તામૂલ્યની બાબતમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓ અને પુરૂષો સમાન છે

૨. પુરૂષો કરતા સ્ત્રીઓની સરાસરી વધુ હોવાથી ધાર્મિક મૂલ્યની બાબતમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓમાં પુરૂષો કરતા સ્ત્રીઓ ચઢીયાતા છે. તેમ સાબિત થયું હતું.

૩. સ્નાતક અને અનુસ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સરાસરી સમાન હોવાથી પ્રસ્તુત સત્તામૂલ્યની બાબતમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ સમાન જોવા મળ્યા હતા.

૪. સ્નાતક અને અનુસ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સરાસરી સમાન હોવાથી પ્રસ્તુત ધાર્મિકમૂલ્યની બાબતમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ સમાન જોવા મળ્યા હતા.

## ૧૦. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ માટે સમગ્રપણે જોઈએ તો શિક્ષણ–પ્રશિક્ષણાર્થીઓમાં વિવિધ મૂલ્યો પ્રત્યેની સભાનતા સંતોષકારક જણાઈ હતી. પરંતુ તેમ છતાં તેમા રહેલી ખામીઓ દૂર કરવાની જરૂરિયાત છે.પ્રસ્તુત અભ્યાસ શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને થોડા અંશે પણ ઉપયોગી થશે તો અભ્યાસકનો આ નમ્રલઘુ પ્રયાસ સાર્થક થયેલો ગણાશે.

## સંદર્ભ સૂચિ


1. Albdught, R.M. (1992). Thesis writing New Jersy, Little Friend Adams & co.
2. Franz, A. (1971). The psychology of personality and adjustment / comings publishing company.
3. Manrore, W.S. and Englhart, (1986), The techniquest of Eductional research urban-III., Bureau of Eductional Reserch university of Elince bulletion.
4. Mouly, G. J. (1928). The Science of Educational Research New Delhi; Research House Ramnagar.
5. Surkhia, S.P. & R.N. Mehrota (1966). Elements of Educational Research Bombay: Ellide publisher Pvt: Ltd.
6. Shukhia Ramesh, (2005). Dictionary of Education New Delhi: APH Publishing Corporation.

૭. આચાર્ય, મોહિની (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પ્રકાશન.

૮. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. રાજકોટ.

૯. ________. (૨૦૦૪) માહિતી પર સંશોધન વ્યવહારો. રાજકોટ.

૧૦. દેસાઈ, કે.જી. અને દેસાઈ,એમ.જી. (૧૯૯૭). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠી આવૃતિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજ્ય,

૧૧.________. (૧૯૯૨). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ (પાંચમી આવૃતિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજ્ય,